# સુરત મહાનગરપાલિકા

## જાહેરનામું

* * *

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19)ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ COVID-19ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી ધ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID-19ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં કોરોના વાઇરસના સંક્રમણને ધ્યાને લેતા સુરત શહેરના કેટલાક વિસ્તારમાં ગીચ વસ્તી હોવાને કારણે સોશીયલ ડીસ્ટન્સીંગ (Social Distancing) જળવાવુ જોઈએ તે જળવાતું નથી અને નોવેલ કોરોના વાયરસ COVID-19નું સંક્રમણ ફેલાવવાના કેસો વધતા જતા હોવાનું ધ્યાને આવે છે.

આથી હું બંછાનિધિ પાની,IAS કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત ગુજરાત રાજય એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ ની કલમ-૨, ૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક નં.NCV/102020/SF-1/G, Date:-20/03/2020 ના પેરા નં.૧૧ થી મળેલ અધિકારની રૂએ સુરત મહાનગરપાલિકામાં આવેલા નોર્થ ઝોન (કતારગામ) માં અમરોલી સાયણ રોડ પર રીલાયન્સ ચોકડીથી કોસાડ લેકગાર્ડન તરફ જતાં રસ્તાની જમણી બાજુએ H-૧ આવાસોની કુલ ૧૧૦ બિલ્ડીંગમાં આવેલ ૫૨૮૦ ઘરોમાં રહેતા ૨૭૭૨૦ લોકોને CLUSTER તરીકે જાહેર કરી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ફરજીયાત હોમ ક્વોરોન્ટાઈનમાં રહેવા હુકમ કરૂં છું.

ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

નં.પી.આર.ઓ./ 93 /૨૦૨૦-૨૧
તા.૦૯/૦૫/૨૦૨૦